## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 33

આશાજી મન વાંછીતા મેવા ખાશે, અને માણે હુરા પચાસજી;
નબી ચલકર આંગણે આવે, ધન ધન રખીસર અવતાર. હરી. (૪૦૧)

આશાજી નબી આવે નુરજ વરસે, દીન હુઆ રહેમાનજી;
કરણી કમાવો તો એવા ઘર પામો, પામો સરગમાંહે વાસ.
હરી૦ (૪૦૨)

આશાજી વધાવ્યું તણા એવા ફલ પામો, પામો ગુરને હાથેજી;
દરશન દેવા અમ ઘર આવે, મહેર હુઇ મહેરબાની. હરી. (૪૦૩)

આશાજી મચ્છ રૂપે દાણુવ માર્યા, તેનો અંત જાણોજી;
પઇયારમાંહે રમીજમી આવ્યા, દાનવ માર્યા ત્યાંય. હરી૦ (૪૦૪)

આશાજી સંખાસુર તો સાહેર પેઠો, તોએ ન મેલ્યો તુંહીજી;
મારી દાણુવ વેદજ વાર્યા, રખીસર ઘેર વધાવ્યું. હરી૦ (૪૦૫)

આશાજી ભગત રૂખમુગત તાર્યા, એવા તારા કામજી;
ભગત તાર્યા આપ ઉગાર્યા, માર્યો તે સંખાસુર. હરી૦ (૪૦૬)

આશાજી ગુપત કામ ગુપતજ કીધા, તેની સુધ નવ જાણુંજી;
કીરતા જુગમાંહે તમે આવ્યા, મચ્છ રૂપે અવતાર. હરી૦ (૪૦૭)

**Day 33 (Continued)**

આશાજી કોરભ રૂપ તમેંજ ધર્યા. તેની નકલંકી સુધ તું જાણેજી;
કાચઓ થઇને દરીયા તર્યા, કીઆ સો એસા કામ. હરી૦ (૪૦૮)

આશાજી મધુકીટક દાણવને માર્યો, એસો તું આપોહી આપજી;
મારી દાણવ દુઃખજ ટાળ્યા, રખીસર ઘેર વધાઇયું. હરી૦ (૪૦૯)

આશાજી અમરીખ ભગત તાર્યા, સભામાંહે રાખી લાજજી;
ભગતુંને વારે શામીજી આવ્યા, આવ્યા ત્રીભોવર નાથ. હરી. (૪૧૦)

આશાજી ભગત તાર્યા ને ઠામજ આવ્યા, આવ્યા તે ત્રીભોવર સામીજી;
કોરભ રૂપે એવા ચેનજ કીધા, કીઆ સો આપોહી આપ.
હરી૦ (૪૧૧)

આશાજી વારા રૂપે આપજ ભણીએ, રહેતા તે જંગલ માંહેજી;
ધ્રુવ ભગત ત્યાં ભકિત કરતા, જાણે વીરલા કોઇ. હરી૦ (૪૧૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)